ગુજરાત સરકાર

હુકમ ક્રમાંક: આઈસીડી/૧૨૨૦૧૮/SCA-૧૦૪/બ-૧

મહિલા અને બાળ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૭/૦૧/૨૦૨૨

<u>વંચાણે લીધા</u>:-

1. નામદાર ગુજરાત હાઈકોર્ટના એસ.સી.એ.નં.૧૬૧૭૩/૨૦૧૮ નાં કેસમાં તા.૨૧/૦૧/૨૦૨૨નો ઓરલ ઓર્ડર.

<u>પ્રસ્તાવના</u>:-

વંચાણે લીધા (૧) પરના નામ. ગુજરાત હાઈકોર્ટના ઓરલ ઓર્ડર અનુસાર સુશ્રી વાસવી સેનગુપ્તાને નાયબ નિયામક તરીકે રીડેઝીગ્નેટ કરવાના થાય છે.

૨/- વિભાગના તા.૦૬/૧૦/૨૦૧૫ના જાહેરનામાથી નાયબ નિયામક વર્ગ-૧ના ભરતી નિયમો બહાર પાડેલ હતા. આ ભરતી નિયમો અનુસાર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવેલ હતી, જેના પરિણામ અનુસાર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સુશ્રી વાસવી સેનગુપ્તાની નાયબ નિયામક વર્ગ-૧ના સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂક માટે ભલામણ કરવામાં આવેલ હતી. જે અનુસાર નાયબ નિયામક વર્ગ-૧ના સંવર્ગમાં સુશ્રી વાસવી સેનગુપ્તાને વિભાગની તા.૦૨/૦૮/૨૦૧૮ની અધિસૂચનાથી પ્રાદેશિક કચેરી, સુરત ખાતે નિમણૂક આપવામાં આવેલ હતી.

૩/- નાયબ નિયામક વર્ગ-૧નું મહેકમ મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક છે. નાયબ નિયામક વર્ગ-૧ની કુલ-૭ જગ્યાઓ મંજૂર થયેલ છે. જે પૈકી ૦૩ જગ્યાઓ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર ખાતે મંજૂર થયેલ છે તેમજ બાકીની ૦૪ જગ્યાઓ પ્રાદેશિક કક્ષાએ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે મંજૂર થયેલ છે. આ તમામ જગ્યાઓ નાયબ નિયામક વર્ગ-૧ના ભરતી નિયમો અનુસાર ભરવામાં આવેલ છે. તમામ જગ્યાઓનું પગારધોરણ એક સરખુ છે, તેમજ આ જગ્યાઓ બદલીપાત્ર છે, જેની સત્તા વિભાગ હસ્તક છે.

૫/- આમ, રાજ્ય કક્ષાએ એટલે કે કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર તથા પ્રાદેશિક કક્ષાએ એટલે કે વિભાગીય નાયબ નિયામકની કચેરી ખાતે મંજૂર થયેલ નાયબ

નિયામકની જગ્યા સમાન પગારધોરણવાળી છે, અરસપરસ બદલીપાત્ર છે. માત્ર વહીવટી અનુકૂળતા ખાતર વડી કચેરીની જગ્યાને નાયબ નિયામક નામ આપવામાં આવેલ છે, જ્યારે પ્રાદેશિક કક્ષાની જગ્યાને વિભાગીય નાયબ નિયામક નામ આપવામાં આવેલ છે.

૬/- ઉપરની સ્પષ્ટતા ઉપરાંત નામ. ગુજરાત હાઈકોર્ટના તા.૨૧/૦૧/૨૦૨૨ના ઓરલ ઓર્ડર અનુસાર સુશ્રી વાસવી સેનગુપ્તાને નાયબ નિયામક તરીકે રીડેઝીગ્નેટ કરવાનો હુકમ કરવાનો થાય છે.

**//હુકમ//**

આથી સુશ્રી વાસવી સેનગુપ્તાને નાયબ નિયામકની વિભાગીય કચેરી, સુરત ખાતે નાયબ નિયામક વર્ગ-૧ તરીકે રીડેઝીગ્નેટ કરવામાં આવે છે.

(એચ. જી. રાજ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નાયબ નિયામકશ્રી, નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી, C/O પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, સુરત.
4. શાખા સિલેક્ટ ફાઈલ.
5. લીગલ સેલ.